દિવ્યાંગ વ્યક્તિઓ માટે અનામત રાખી શકાય તેવી જગ્યાઓ સુનિશ્ચિત કરવા માટેની પેટા તજજ્ઞ સમિતિમાં બિન સરકારી સભ્યની નિમણૂંક કરવા બાબત.

ગુજરાત સરકાર

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

ઠરાવ ક્રમાંક: SJED/DIA/e-file/17/2023/0543/CHH-1

સચિવાલય, ગાંધીનગર

તારીખ:૨૭/૦૩/૨૦૨૩.

વંચાણે લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૨/૧૨/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૧૯//છ-૧.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૦૭/૦૯/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: અપગ/૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ-૧.

(3) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૦૬/૦૨/૨૦૨૩નો પત્ર ક્રમાંક: DSD/WDA/e-file/226/2022/0003/APG Branch.

**આમુખ** :-

**ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક(૧)ના ઠરાવથી** The Rights of Persons with Disabilities Act, 2016**ની કલમ ૩૩(ii)ની જોગવાઇ મુજબ દિવ્યાંગ વ્યક્તિઓ માટે અનામત રાખી શકાય તેવી જગ્યાઓ સુનિશ્ચિત કરવા માટે પેટા તજજ્ઞ સમિતિની રચના કરવામાં આવેલ છે. સદર સમિતિમાં ક્રમાંક:૮ પર બેન્ચમાર્ક ડિસેબીલીટી ધરાવતા વ્યક્તિઓના પ્રતિનિધિનો** સમાવેશ સભ્ય તરીકે કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક(૨)ના તા.૦૭/૦૯/૨૦૨૦ના ઠરાવથી પેટા તજજ્ઞ સમિતિમાં બિન સરકારી સભ્યની નિમણૂંક તા.૩૧/૦૩/૨૦૨૧ સુધીના સમય માટે કરવામાં આવેલ હતી. ત્યારબાદ પેટા તજજ્ઞ સમિતિમાં બેન્ચમાર્ક ડિસેબીલીટી ધરાવતા વ્યક્તિઓના પ્રતિનિધિની બિનસરકારી સભ્ય તરીકે નિમણૂંક કરવાની બાબત **સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. જે અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક(૩)ના નિયામકશ્રી, સમાજ સુરક્ષાના પત્રથી સંભવિત નામોની યાદી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.**

**ઠરાવ** :-

**પુખ્ત વિચારણાને અંતે વંચાણે લીધેલ ક્રમાંક(૧)ના ઠરાવથી રચવામાં આવેલ પેટા** તજજ્ઞ સમિતિમાં બેન્ચમાર્ક ડિસેબીલીટી ધરાવતા વ્યક્તિઓના પ્રતિનિધિ તરીકે નીચે મુજબના બિનસરકારી સભ્યની નિમણૂંક તા.૩૧/૦૩/૨૦૨૪ સુધીના સમય માટે કરવામાં આવે છે.

| નામ/હોદ્દો | સમિતિમાં હોદ્દો |
|---|---|
| શ્રી વિનોદચંદ્ર ભીખાભાઇ પટેલ,<br>માનદ મંત્રી, સાબરકાંઠા ફિઝિકલી હેન્ડીકેપ્ડ મંડળ,<br>મુ.પો. બુટાલ, તા.ધનસુરા, જિ. અરવલ્લી- ૩૮૩૩૧૦. | સભ્ય |

આ વિભાગના તા.૦૨/૧૨/૨૦૧૯ના ઠરાવથી રચવામાં આવેલ પેટા તજજ્ઞ સમિતિની અન્ય શરતો/જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

eSign Signed by: Gameti Pramesh Maganbhai Organization Unit: Social Justice and Empowerment Department Organization Name: GOVERNMENT OF GUJARAT Date: 27-Mar-2023 (05:49 PM)

(પ્રમેશ ગામેતી)

સેકશન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં-૨, કર્મયોગી ભવન, સેકટર-૧૦, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, બ્લોક નં.૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (ક.ગ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- શ્રી વિનોદચંદ્ર ભીખાભાઇ પટેલ (મારફતેઃ- ,નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- નાયબ સચિવશ્રી (રોસ્ટર), સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ ,સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ-વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- શાખા સિલેકટ ફાઇલ.